જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/03/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૬૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૪૮૬ લીટર દેશી દારૂ, ૨૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૩ સ્કૂટર, ૧ કાર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૭૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૬૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૬૨/૧૮

**સોલા હાઈકોર્ટઃ** સંદીપભાઇ સુભાષચંદ્ર અગ્રવાલ(રહે. શ્યામ-૪ અલખનંદા સોસાયટી શાહિબાગ) એ તા.૨૧/03/૧૮ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૯/૨૦૧૭ થી તા.૨૦/૧૦/૨૦૧૭ વાગ્યા દરમ્યાન આરોપી ભાર્ગવ રમેશભાઇ જાની (રહે. ન્યુ અંબીકાનગર સોસાયટી વિસનગર રોડ માનવ આશ્રમ રોડ મહેસાણા) એ થલતેજ ભાવીન સ્કુલ પાસે શાંતેશ્વર ફાર્મ આરોગ્ય સેલ્સ નામની ડીસ્ટ્રીબ્યુટર એજન્સી ખાતે અલગ-અલગ પાર્ટી/દુકાનદારો પાસેથી લેણાના રૂપિયા ૪,૦૫,૪૫૭/- ઉઘરાણી કરી જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એસ.સ્વામી ચલાવે છે.

**મેઘાણીનગરઃ** દિનેશભાઇ પુંજાભાઇ પરમાર (રહે. રવિપાર્ક સોસાયટી લીમડા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર) એ તા.૨૧/03/૧૮ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/03/૧૮ ક્લાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે મેઘાણીનગર રત્નસાગર ચાર રસ્તા પાસે આવેલ એકસીસ બેંકના એટીએમમા પૈસા કાઢવા ગયા હતા ત્યારે અજાણ્યા પુરૂષે પૈસા કાઢી આપવાનુ કહી આ પુરૂષે દિનેશભાઇ પરમારનુ એટી.એમ.કાર્ડ પીન.નંબર જાણી કાર્ડ બદલી લઈ બીજુ કાર્ડ આપી એ.ટીએમ.માંથી દિનેશભાઇના ખાતામાંથી રૂપિયા ૧,૬૭,૦૦૦/- કાઢી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એસ.ઓ.ચૌધરી ચલાવે છે.

**નિકોલઃ** ભરતભાઇ ભુરાભાઇ લુહાર (ઉ.વ.૩૮) (રહે. શ્રીધર ફ્લોરા ફ્લેટ અમરજવાન સર્કલ પાસે, નિકોલ) એ તા.૨૧/03/૧૮ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/03/૧૮ કલાક ૧૨/૧૦ થી તા.૨૦/03/૧૮ કલાક ૧૨/30 વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિએ ભરતભાઇ લુહારની નિકોલ કઠવાડા રોડ પ્લોટ નં. બી/૧૧/૩ ઝવેરી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બ્રહ્માં ઇન્ડસ્ટ્રીઝ ખાતેની કંપનીનુ ઇ-મેઇલ એડ્રસ હેક કરી ઇ-મેઇલ એડ્રસમાં ચેડા કરી ઇ-મેઇલમાં ખોટા નામ તથા અકાઉન્ટ નંબર લખી ભરતભાઇ લુહારને અલગ-અલગ બેંક ખાતાઓમાં રુપિયા ૩૮,૫૦,000/- જમા કરાવડાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પોઇ.શ્રી એન.એન.પારગી ચલાવે છે.

**ક્રાઇમ બ્રાન્ચઃ** સુરજ સ/ઓ જીતેન્દ્રભાઇ તિવારી (ઉ.વ.૧૮) (રહે. કર્ણાવતીનગર પાશ્વનાથ ટાઉનશીપ કૃષ્ણનગર) એ તા.૨૧/03/૧૮ નારોજ ક્રાઇમ બ્રાન્ચ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/03/૧૮ પહેલા નિકોલ ચાર રસ્તા ખાતે આવેલ સ્ટેટ બેંક ઓફ ઇંડીયાની બ્રાંચ ખાતે અજાણી વ્યક્તિએ સુરજ તિવારીના ખાતામાંથી રૂપિયા ૨0,000/- ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૬૩/૧૮</u>**

**સેટેલાઈટઃ** તન્મયભાઇ અશોકકુમાર શાસ્ત્રી (રહે. તરુણ શકિત સોસાયટી અલ્કાપુરી સોસાયટીની બાજુમા ઘાટલોડીયા) એ તા.૨૧/03/૧૮ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.0૮/03/૧૮ કલાક ૨/00 થી તા.૨૧/03/૧૮ કલાક ૧૧/30 વાગ્યા દરમ્યાન સેટેલાઇટ કામેશ્વર સોસાયટી પાસે જસવંત સોસાયટી ખાતે તન્મયભાઈ શાસ્ત્રીના માસીના ઘરના દરવાજાની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને ચાંદીની ચીજવસ્તુઓ મળી કિમત રૂપિયા ૧,૪૫,000/- મત્તાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એ.જી પરમાર ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૫૬૪/૧૮</u>**

**નારોલઃ** રાજુભાઇ રત્નાભાઇ ટોરીયા (ઉ.વ.૪૨) (રહે.જાનીયાપીરનો ટેકરો નવા વટવા વિંઝોલ વટવા) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨0/03/૧૮ રાતના ૯/30 વાગ્યાના સુમારે અસલાલીથી વિંઝોલ સર્કલ તરફ જતા સર્વિસ રોડ ઉપરથી રાજુભાઇ ટોરીયાના કાકાનો પુત્ર કુંવરભાઇ પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે તથા બેદરકારીથી વાહન ચલાવી ટક્કર મારતા ગંભીર ઇજાઓ થતા કુવરભાઈનુ મૃત્યુ નિપજયું હતુ આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી પી.એસ.ખાંટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૬૫/૧૮**

**નરોડાઃ** રણછોડભાઇ બાબુભાઇ કોષ્ટી (ઉ.વ.૫૪) (રહે.પુજન બંગ્લોઝ સીએનજી પંપ પાછળ નાના ચિલોડા નરોડા) એ બિમારીથી કંટાળી તા.૨૦/૦૩/૧૮ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અમૃતભાઇચલાવે છે.

**કૃષ્ણનગરઃ** ગૌરાંગભાઇ રામુભાઇ રાવળ(ઉ.વ.૩૫) (રહે.શ્રીરામ ટેનામેન્ટ આદિશ્વરનગર મેવાડા પાર્ટી પ્લોટ સામે નવા નરોડા) એ અગમ્યા કારણસર તા.૨૦/૦૩/૧૮ બપોરના ૪/૪૫ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિશાલસિહ બાલુસિહ ચલાવે છે.

**નિકોલઃ** ચીરાગભાઇ દિપકભાઇ ઠક્કર (ઉ.વ.૨૩) (રહે. અશ્વમેઘ સોસાયટી નવયુગ પાસે નરોડા) એ અગમ્ય કરણસર તા.૧૫/૦૩/૧૮ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે નિકોલ રોડ ખોડીયાર મંદીર તરફ જવાના રોડ ઉપર ઝેરી દવા પી લીધી હતી. સારવાર દરમ્યાન તા.૨૧/૦૩/૧૮ બપોરના ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસિંહ ચેહરસિંહ ચલાવે છે.

**કાગડાપીઠઃ** સંકેતભાઇ મોહનભાઇ સોલંકી(ઉ.વ.૨૧) (રહે. શ્રી વત્સ એપાર્ટમેન્ટ કાંકરીયા ભુલાભાઇ) એ અગમ્ય કરણસર તા.૨૦/૦૩/૧૮ રાતના ૨૦/૨૦ વાગ્યાના સુમારે પોતાના દાદાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોરધનસિંહ રેવતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.